જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ આણંદ

જિલ્લા પંચાયત કચેરી આણંદ મુ. આણંદ

હેલ્પ લાઇન નંબર- ૦૨૬૯૨ -૨૪૪૪૬૩ ( કામકાજના દિવસો અને કચેરી સમય દરમ્યાન )

પ્રોવીઝનલ મેરીટયાદીમાં સમાવિષ્ટ ઉમેદવારોના પ્રમાણપત્ર ચકાસણી અંગેની અગત્યની જાહેરાત

જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ આણંદ ધ્વારા નીચે દર્શાવ્યા મુજબના સંવર્ગોની સ્પર્ધાત્મક પરીક્ષા ફેબ્રુઆરી-૨૦૧૭ માસમાં લેવાયેલ હતી.જેની પ્રોવીઝનલ મેરીટ યાદી તા.૧૦/૦૩/૨૦૧૭ના રોજ પસિધ્ધ કરવામાં આવેલ છે.જે સરકારશ્રીના પંચાયત વિભાગની વેબસાઇટ https://panchayat.gujarat.gov.in ઉપર મુકવામાં આવેલ છે.આ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ ઉમેદવારોને સમિતિ ધ્વારા નીચે મુજબની વિગતે અસલ પ્રમાણપત્રો ચકાસણી માટે જિલ્લા પંચાયત કચેરી,આણંદ ખાતે હાજર રહેવા જણાવવામાં આવે છે.જે અંગે ઉમેદવારોને અરજીમાં દર્શાવેલ સરનામા પર પ્રમાણપત્રો ચકાસણી માટે હાજર રહેવા પત્રથી જાણ કરવામાં આવેલ છે.તેમજ અરજીમાં દર્શાવેલ મોબાઇલ નંબર પર ફોન કરી આ અંગે જાણ કરવામાં આવશે.આથી જો સદર બાબતનો પત્ર ન મળે તો પણ પ્રોવીઝનલ મેરીટ લીસ્ટમાં સમાવિષ્ટ દરેક ઉમેદવારોને નીચે દર્શાવ્યા મુજબની તારીખ/સમયે નીચે દર્શાવેલ પ્રમાણપત્રો સહીત(લાગુ પડતા હોય તે) અસલ પ્રમાણપત્રો સહીત ચકાસણી માટે જિલ્લા પંચાયત આણંદ ખાતે અચુક હાજર રહેવા જણાવવામાં આવે છે.જો પ્રમાણપત્ર ચકાસણીની નિયત તારીખ/સમયે કોઇ ઉમેદવાર ગેરહાજર રહેશે.તો સબંધિત ઉમેદવાર તેની ઉમેદવારી કાયમીપણે પાછી ખેંચી લીધી હોવાનું ગણાશે અને ત્યારબાદ તે બાબતમાં કોઇપણ દાવો અથવા વિવાદ ગ્રાહય રાખવામાં આવશે નહી તેવી સર્વે ઉમેદવારોએ ખાસ નોંધ લેવી.વધુ માહિતી માટે પંચાયત વિભાગની વેબસાઇટ https://panchayat.gujarat.gov.in જોવી.

| જાહેરાત ક્માંક | સંવર્ગનુ નામ | તારીખ | પ્રોવિઝનલ મેરીટ લીસ્ટના ક્મ નંબર | પ્રમાણપત્રો ચકાસણી માટે હાજર રહેવાનુ સ્થળ |
|---|---|---|---|---|
| DPSSC15/201617/1 | જુનીયર કલાર્ક | ૨૦/૦૩/૨૦૧૭ | ૧ થી ૫૩ | મહેકમ શાખા,જિલ્લા પંચાયત આણંદ |
| DPSSC15/201617/2 | તલાટી કમ મંત્રી(ગ્રામ પંચાયત મંત્રી) | ૨૦/૦૩/૨૦૧૭ | ૧ થી ૬૫ | રાજીવગાંધી હોલ ,જિલ્લા પંચાયત આણંદ |
| | | ૨૧/૦૩/૨૦૧૭ | ૬૬ થી ૧૩૦ | |
| DPSSC15/201617/3 | મલ્ટી પરપઝ હેલ્થ વર્કર (પુ.) | ૨૧/૦૩/૨૦૧૭ | ૧ થી ૨૪ | આરોગ્ય શાખા,જિલ્લા પંચાયત આણંદ |
| DPSSC15/201617/4 | ફિમેલ હેલ્થ વર્કર (સ્ત્રી) | ૨૦/૦૩/૨૦૧૭ | ૧ થી ૬૦ | આરોગ્ય શાખા,જિલ્લા પંચાયત આણંદ |
| | | ૨૧/૦૩/૨૦૧૭ | ૬૧ થી ૯૧ | |
| DPSSC15/201617/5 | ગ્રામ સેવક | ૨૦/૦૩/૨૦૧૭ | ૧ થી ૮૫ | રાજીવગાંધી હોલ ,જિલ્લા પંચાયત આણંદ |
| | | ૨૧/૦૩/૨૦૧૭ | ૮૬ થી ૧૭૦ | |

રજુ કરવાના પ્રમાણપત્રો (અસલ તથા બે સેટ પ્રમાણિત નકલ)

૧.શાળા છોડયા અંગેનું પ્રમાણપત્ર

૨.જાહેરાતમાં દર્શાવ્યા મુજબની શૈક્ષણીક લાયકાતના પ્રમાણપત્રો તથા અન્ય લાયકાત/અનુભવ અંગેના પ્રમાણપત્રો

૩.જાતિ અંગેનું સક્ષમ અધિકારીશ્રીએ આપેલ પ્રમાણપત્ર (લાગુ પડતુ હોય તો)

૪.ઉન્નતવર્ગમાં સમાવિષ્ટ ન હોવા અંગેનું નિયત નમુના-ક નું પ્રમાણપત્ર

૫.કોમ્પ્યુટરનું પાયાનું જ્ઞાન ધરાવતા હોવાનો સંબંધિત સંસ્થા/એજન્સીનું પ્રમાણપત્ર

૬.રમતગમત અંગે અરજી પત્રકમાં દર્શાવેલ હોય તો તેવા કીસ્સામાં માન્ય કરેલ રમતોનું સક્ષમ સત્તાધીકારીશ્રીએ આપેલ નિયત પ્રમાણપત્ર

૭.ત્રણ ફોટોગ્રાફ (પ્રત્યેક ફોટોગ્રાફ પાછળ ઉમેદવારે પોતાની સહી કરેલ હોવી જોઇએ)

૮.શારીરિક અશકતતા ધરાવતા ઉમેદવારે સામાન્ય વહીવટ વિભાગ ધ્વારા નકકી થયેલ નિયત નમુનાનુ સીવીલ સર્જન ધ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર

૯.માજી સૈનિકના કિસ્સામાં તે અંગેના જરૂરી આધાર પુરાવા

૧૦.વિધવા ઉમેદવારના કિસ્સામાં વિધવા હોવા/પુનઃલગ્ન કરેલ ન હોવાનું સબંધિત મામલતદારનુ પ્રમાણપત્ર

સ્થળ : જિલ્લા પંચાયત કચેરી,આણંદ

મુ. આણંદ

તા.૧૪/૦૩/૨૦૧૭

સચિવ

જિલ્લા પંચાયત સેવા પસંદગી સમિતિ આણંદ